જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૨/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૪૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૦ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૨૪૦ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૫૧ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૪૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ સમાચાર યાદી નં.૩૪૭/૨૦૨૩

**પાલડીઃ** કિરણભાઇ હસમુખભાઇ શાહ (ઉ.વ.૫૬)(રહે.અરીહંત સોસાયટી કેસરીયાજી વાસણા) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૨૩/૦૨/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન ધરણીધર બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે આવેલ ગૌતમ એન્ટરપ્રાઇઝ "જૈન ઉપકરણ ભંડાર" નામની દુકાનનુ શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમા પ્રવેશ કરી, કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૩૪૮/૨૦૨૩

**વેજલપુરઃ** મદીનાબહેન વા/ઓ અમીરભાઇ ડોસાણી (ઉ.વ.૬૦)(રહે.અમને ગુલીસ્તા સોસાયટી જુહાપુરા ચાર રસ્તા પાસે જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૨/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**નારોલઃ** નારોલ હાઇ ફાઇ ચાર રસ્તા પાસે વિજયનગરની બાજુમા શ્રીરામનગર ખાતે રહેતા ગોવિંદ સ/ઓ રામજીત કોરી (ઉ.વ.૨૫)(મુળ વતન. ગામ.ગરથોલી ચીલી કપુર તા. અકબરપુર જી.અયોધ્યા ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.એ.ઘાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી